# ડિસ્ક જોકી (ડીજે)

ડિસ્ક જોકી અથવા ડીજે એ મનોરંજન કરનાર છે જે લાઈવ દર્શકો માટે રેકોર્ડ કરેલ સંગીતના વિવિધ સ્ત્રોતોને મિશ્રિત કરે છે. ડી.જે. શબ્દ એ સમયની યાદ અપાવે છે જ્યારે મનોરંજનકર્તાઓ મુખ્યત્વે વિનાઇલ રેકોર્ડ્સ સાથે કામ કરતા હતા. આ દિવસોમાં, ડી.જે. ભૌતિક ડિસ્કને બદલે ડિજિટલ મ્યુઝિક ફાઈલો સાથે કામ કરી શકે છે, પરંતુ તેમની કામગીરી આવશ્યકપણે સમાન રહે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સંગીતનો આનંદ માણો છો
- તમારી સારા પ્રત્યાયનકાર છો
- તમે સર્જનાત્મક વ્યક્તિ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે).

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ડીજેઈંગમાં ડિપ્લોમા અથવા વ્યાવસાયિક અભ્યાસક્રમ પૂર્ણ કરો. **અથવા**

પર્ફોર્મિંગ આર્ટ્સ/સંગીત અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક પૂર્ણ કરો.

૩. ઈન્ટર્નશિપ પ્રોગ્રામને આગળ ધપાવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહીં આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક ડી.જે.ની માસિક આવક લગભગ **રૂ. ૧૫,૯૧૭ થી ૮૫,૦૦૦** જેટલી અથવા તેથી વધુ હોય શકે છે.*

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/-Job-Disc Jockey_(DJ)/Hourly Rate?loggedIn

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ક્લબ્સ, નાઈટ ક્લબ્સ, રેડિયો, કોન્સર્ટ સ્થળો અને અન્ય વચ્ચે સંગીતના કાર્યક્રમો.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે ફ્રિલાન્સ ડી.જી. તરીકે કામ કરવાનું પસંદ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. વખતો વખત મુસાફરી કરવી પડે છે. અંશકાલિન (પાર્ટ-ટાઈમ) તેમજ કરાર આધારિત રોજગાર ઉપલબ્ધ હોઈ શકે છે. આવશ્યકતા અનુસાર કામના કલાકો કે દિવસો લવચીક હોઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ડિસ્ક જોકી → સંગીત નિર્માતા → સ્ટાર્ટ રેકોર્ડ લેબલ
**અથવા**
ડિસ્ક જોકી → સંગીત કલાકાર સાથે સહયોગ કરો
**અથવા**
ડિસ્ક જોકી → ક્લબ પ્રમોટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડિસ્ક જોકી, સાઉન્ડ આર્ટિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ડિસ્ક જોકીંગના અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી સંસ્થાઓ.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**
૧. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન (એ.એ.એફ.ટી.)
૨. અઝારેડો એકોસ્ટિક્સ, મુંબઈ
૩. ડ્રીમ બીટ્સ સ્ટુડિયો, દ્વારકા
૪. ઇલેક્ટ્રોનિક એકેડમી, નવી દિલ્હી
૫. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિસન, નોઈડા
૬. વૈશ્વિક ડી.જે. સંગીત નિર્માણ અને ડી.જે. ટ્રેનિંગ એકેડમી, મુંબઈ
૭. આઈ લવ મ્યુઝિક એકેડમી, ગુડગાંવ
૮. એમએસયુ, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in



## સાફલ્ય ગાથા

**સ્નેહલ શાહ** અથવા **ડીજે રિંક**, જેને બોલિવૂડ ડાન્સ મ્યુઝિકની દેશી દિવા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે પરંપરાગત રીતે પુરૂષ પ્રભુત્વ ધરાવતા ઉદ્યોગમાં ટોચની ભારતીય મહિલા ડીજે પૈકીની એક છે. ગવર્નમેન્ટ પોલિટેકનિક (બાંદ્રા)માંથી પ્રમાણિત સાઉન્ડ એન્જિનિયર અને સંગીત નિર્માતા બની, તેણીએ ૨,૦૦૦થી વધુ બોલિવૂડ રીમિક્સ તૈયાર કર્યા છે. તેમની પોતાની ડી.જે. સ્કૂલ, લેબલ અને વેબ ચેનલ છે.*

સ્રોત:https://www.imdb.com/name/nm9661986/bio

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ